# પ્રાંતિજ પોલીસ દ્વારા પ્રાંતિજ બજારમાં માસ્ક ડ્રાઈ યોજાઈ

**પ્રાંતિજ પીઆઈ સહિત પોલીસ સ્ટાફ દ્વારા પ્રાંતિજ બજારમા માસ્ક ડ્રાઇયોજી : વેપારીઓને ફરજીયાત માસ્ક પહેરવા અપીલ : વેપારીઓ સહિત બજારમાં આવતા જતા લોકોને સોશિયલ ડીસટનનુ પાલન કરવા જણાવ્યુ : માસ્ક વગર ફરતા લોકોને પોલીસ દ્વારા માસ્ક આપવામા આવ્યા**

પ્રાંતિજ તા.૨૫ સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામા વધતા જતા કોરોના ના કેસો ને લઈ ને પ્રાંતિજ બજાર મા સોશિયલ ડીસટન જળવાઈ રહે અને વેપારીઓ સહિત બજાર મા આવતા જતા લોકો ફરજિયાત માસ્ક પહેરે તે માટે આજે પ્રાંતિજ પીઆઈ એચ.એસ. ત્રિવેદી દ્વારા પ્રાંતિજ બજાર મા માસ્ક ડ્રાઈ યોજીહતી તો માસ્ક વગર ફરતા લોકો ને માસ્ક નુ વિતરણ કરવામા આવ્યુ.

કોરોનાની ત્રીજી લહેર રોકેટ ની જેમ વેગ પકડયો છે ત્યારે જિલ્લા સહિત પ્રાંતિજ તથા તાલુકામા વધતા જતા કોરોના ના ઉપરા-ઉપરી કેસોને લઈ ને આજે પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીઆઈ એચ.એસ. ત્રિવેદી દ્વારા એપ્રોચરોડ સહિત બજાર વિસ્તાર મા માસ્ક ડ્રાઈ યોજાઈ હતી અને વેપારીઓ સહિત બજારમા આવતા જતા લોકો ને ફરજીયાત માસ્ક પહેરવા તથા બજાર મા સોશિયલ ડીસટન જળવાઈ રહે તે માટે વેપારીઓ સહિત બજારમા આવતા લોકો ને અપીલ કરવામા આવી હતી અને ફરજીયાત માસ્ક પહેરવા જણાવ્યુ હતુ તો બજારમા માસ્ક ડ્રાઈ વખતે ધુમ બાઈક ચલાવી માસ્ક વગર ફરતા કેટલાક બાઈક સવારો સામે કાયદેસર ની કાર્યવાહી પણ હાથધરી હતી તો બજાર મા આવતા જતા લોકો સહિત વેપારીઓને માસ્ક ફરજીયાત પહેરવા અપીલ કરી હતી અને માસ્ક નહી પહેનાર સામે પ્રાંતિજ પોલીસ દ્વારા દંડ સહિત ની કાર્યદેસર ની કાર્યવાહી કરવામા આવશે તેવુ પ્રાંતિજ પોલીસ દ્વારા જણાવવામા આવ્યુ હતુ તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીઆઈ એચ.એસ. ત્રિવેદી સહિત નો પોલીસ સ્ટાફ દ્વારા એપ્રોચરોડ ઉપર થઈ ને પ્રાંતિજ બજાર ચોક , વ્હોરવાડ , નાની ભાગોળ સહિત ના વિસ્તારો માસ્ક ડ્રાઈ યોજી હતી અને વેપારીઓ સહિત આવતા જતા લોકો ને કોરો ના અંગે ની જાગૃતિ સાથે ફરજીયાત માસ્ક પહેરવા જણાવ્યુ હતુ અને બજાર મા માસ્ક વગર ફરતા લોકોને પ્રાંતિજ પોલીસ દ્વારા માસ્ક નુ વિતરણ કરવામા આવ્યુ હતુ








૨૬ મી જાન્યુઆરીએ ૭૩ માં પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે હિંમતનગરના ખાડિયામા આવેલ મંદિરમાં બિરાજેલ બાલા હનુમાનજીને ત્રીરંગા કલરમા વાધાનો શણગાર કરવામા આવતા ભકતજનોએ દર્શનનો લાભ લીધો હતો.

## પ્રાંતિજના સાદોલીયા પાસે રીક્ષાચાલકે બાઈકચાલકને ટક્કર મારતા ઈજાઓ

પ્રાંતિજ તા.૨૫ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના સાદોલીયા પાસે રીક્ષા ચાલકે બાઈક ચાલક ને ટક્કર મારી બાઈક ચાલક ને હાથે પગે ફ્રેકચર કરી શરીરે ઈજાઓ પોહચાડતા બાઈક ચાલક ને સારવાર અર્થે ખસેડવામા આવ્યો હતો.

પ્રાંતિજ ના સાદોલીયા ગામની સીમ પાસે સી.એન.જી.રીક્ષા ચાલક રીક્ષા નંબર જી.જે.૦૯ એ.વી.૫૫૭૨ નો ચાલક પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી બાઈક ઉપર જઈ રહેલ મુકેશસિંહ રાઠોડ ની બાઈક નંબર-જી.જે. ૦૯ સી.જી ૯૩૩૦ ને એકદમ આગળ ના ભાગે ટક્કર મારતા બાઈક ચાલક મુકેશસિંહ બાઈક સાથે નીચે પટકાતા શરીરે તથા જમણા હાથે કાંડા ના ભાગે ફ્રેકચર કરી તથા જમણા પગે શરીરે ઈજાઓ પોહચડતા આ અંગેની ફરિયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા દિવાનસિંહ ભવાનસિંહ રાઠોડ ઉ.વર્ષ-૬૨ ધંધો-ખેતી રહે.સાદોલીયા તા.પ્રાંતિજ, જિ.સાબરકાંઠા દ્વારા સી.એન.જી રીક્ષા નંબર ને આધારે પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે સી.એન.જી રીક્ષા નંબર જી.જે.૦૯ એ.વી.૫૫૭૨ ના ચાલક વિરૂધ્ધ આઈ પી સી કલમ ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭,૧૮૪ મુજબ ગુનો નોધી આગળ ની તપાસ પોલીસ હેડ કોન્સ્ટેબલ જનક કુમાર શામળભાઈ દ્વારા હાથ ધરવામા આવી હતી.

## અરવલ્લી જિલ્લા શ્રેષ્ઠ મમતદાર નોંધણી અધિકારી તરીકે મેઘરજ મામલતદારની પસંદગી

**શ્રેષ્ઠ બુથ લેવલ ઓફિસર તરીકે રાજેશભાઈ પટેલની પસંદગી કરાઈ**

બુધવારના રોજ ૧૨ મા રાષ્ટ્રીય મતદાતા દિવસ ની ઉજવણી જિલ્લા ચૂંટણી અધિકારી અને અરવલ્લી કલેકટરની




અધ્યક્ષતામાં કચેરીના સભાખંડ ખાતે કરવામાં આવી હતી. જેમાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ ૨૦૨૨ અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનાર મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને મેઘરજ મામલતદાર સજ્જનસિંહ ચૌહાણ ની પસંદગી કરવામાં આવી હતી. તેમજ જિલ્લાના શ્રેષ્ઠ બુથ લેવલ ઓફિસર તરીકે રાજેશભાઈ સોમાભાઈ પટેલ (પટેલઢૂંઢા ) બાંઠીવાડા પ્રા શાળા ના શિક્ષકની પસંદગી કરવામાં આવી હતી. બંને ની પસંદગી ને આવકારી તાલુકાની જનતા એ અભિનંદન પાઠવ્યા હતા.

## પાલનપુરમાં રહેણાંક મકાનમાં ચાલતું ફૂટણખાનું ઝડપાયું

પાલનપુર શહેરની હનુમાનશેરીના એક રહેણાંક મકાનમાં એક મહિલા અને પુરુષ દ્વારા બહાર થી યુવતીઓ બોલાવીને દેહ વિક્રય નો ધંધો ચલાવતા હોઈ શહેર પૂર્વ પોલીસની ટીમે આ ફૂટણખાણા પર ઓચિંતી રેઈડ કરી ને મકાનમાં લોહી નો વેપાર કરાવતી એક મહિલા અને એક પુરુષ ને ઝડપી પાડયા હતા. પાલનપુર શહેરની હનુમાનશેરીમાં આવેલ લુહારવાસ માં વર્ષાબેન જશવંતસિંહ લુહારના ભોગવટા ના મકાનમાં વર્ષાબેન લુહાર અને વડગામ તાલુકાના શેરપુરા (મજાદર) ગામનો મનુંસિંહ કેશાજી ખેર (ઠાકોર) બહાર થી યુવતોઓ બોલાવીને ગ્રાહક બોલાવી ગ્રાહક દીઠ ૧૦૦૦ હજાર લઈ દેહ વિક્રયનો ધંધો ચલાવતા હોવાની બાતમીના આધારે પાલનપુર શહેર પૂર્વ પોલીસ ની ટીમે આ કુટણખાણા પર ડમી ગ્રાહક મોકલી ને ઓચિંતી રેઈડ કરી હતો જેમાં અહીં યુવતી ઓ પાસે દેહવિક્રય કરાવાતું હોવાનું બહાર આવતા વર્ષાબેન લુહાર અને મનુસિંહ ખેર ની રોકડ તેમજ ત્રણ મોબાઈલ મળી ૧૩૮૦૦ના મુદ્દામાલ સાથે અટકાયત કરી તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી



## અંબાજી ગ્રામ પંચાયતના ગ્રામહાટને તાલુકા વિકાસ અધિકારીએ નવા તાળા મરાવી કબજો લીધો

યાત્રાધામ અંબાજી માં અંબાજી ગ્રામ પંચાયત દ્વારા શ્યામા પ્રસાદ મુખર્જી રૂરબલ મિશન ની ગ્રાંટ નાં લાખ્ખો રૂપીયા નાં ખર્ચે ગ્રામ હાટ નું બિલ્ડીંગ ઉભુ કરવામાં આવ્યુ છે. જેમાં ખાસ કરી આદીવાસી લોકો સ્વરોજગારી મેળવે તેવા આશ્રય થી આ ગ્રામ હાટ નું નિર્માણ કરવામાં આવ્યુ હતુ. જેને આજે સાંજ નં સુમારે તાલુકા વિકાસ અધીકારી એ તેમનાં કર્મચારીઓ દ્વારા આ ગ્રામ હાટ ને તાળા મારી દીધા છે. અંબાજી ગ્રામ પંચાયતે આ બિલ્ડીંગ તૈયાર કરી પોતે બિલ્ડીંગ માં બનાવેલી દુકાનો ને તાળા માળ્યા હતા. આ બિલ્ડીંગ ને અગાઉ તાલુકા પંચાયત નાં અધીકારીઓ દ્વારા આ બિલ્ડીંગ ની માંગ કરાઇ હતી. પરંતુ અંબાજી ગ્રામ પંચાયત ની બોડી દ્વારા માંગને નકારી દેવાઈ હતી. જેનાં પગલેં આજે તાલુકા વિકાસ અધીકારીએ પોતાના કર્મચારીઓ દ્વારા આ બિલ્ડીંગ ની દુકાનો ને લાગેલા તાળા તોડી નાખ્યા હતા. ને પોતે સાથે લાવેલાં નવા તાળા લગાવી અંબાજી નાં ગ્રામ હાટ નો કબજો પોતાના હસ્તક લીધો હતો. જેને લઈ અંબાજી ગ્રામ પંચાયત નાં સભ્યો માં ભારે શોપો પડી ગયો હતો. જોકે આ પ્રસંગે ઉપસ્થીત રહેલાં તાલુકા વિકાસ અધીકારી એ આ સમગ્ર મામલે કાઈ પણ કહેવાનું ઈકાર કર્યો હતો.

## ડીસાની મંગલપાર્ક સોસાયટીમાંથી વધુ એક બાઈક ચોરાયું

ડીસામાં મંગલપાર્ક સોસાયટી નજીક પાર્ક કરેલ એક બાઈકની ચોરી થવા પામી છે. જે મામલે બાઈક ચાલકે ડીસા ઉત્તર પોલિસ મથકે બાઈક ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

વેપારી મથક એવા ડીસા શહેરમાં છેલ્લા એક માસથી વાહન ચોરીની ઘટનાઓ પ્રતિદિન બની રહી છે જેમાં કોઈ બહારના રાજ્યની વાહન ચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ એક પછી એક બાઈક, કાર અને જીપની ચોરીની ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાઈ રહી છે ત્યારે ડીસામાં વધુ એક બાઈક ચોરીની ઘટના સામે આવી છે જેની હકીકત જોતા ડીસાના રિજમેન્ટ વિસ્તારમાં રહેતા દુર્ગેસભાઈ સોનાજી માળી બે દિવસ અગાઉ લગ્ન પ્રસંગે ડીસા મંગલપાર્ક સોસાયટી ખાતે પોતાનું બાઈક (ન.જી જે ૦૮ બી આર ૬૧૫૯) ઉપર પત્ની સાથે નીકળ્યા હતા અને તેમનું બાઈક સોસાયટી નજીક પાર્ક કરી લગ્નમાં ગયેલા.પછી એકાદ કલાક બાદ પરત આવતા પાર્ક કરેલું બાઈક નજરે ચડ્યું ના હતું. આસપાસમાં પણ તપાસ બાદ બાઈક ના મળી આવતા આ મામલે તેમણે ઉત્તર પોલીસ મથકે એચ એફ ડીલક્સ બાઈક (કિંમત ૩૫ હજાર) ની ચોરીની ફરિયાદ નોંધાવતા પોલિસે વધુ તપાસ હાથ ધરી છે.

## રામપુરા (વડલા)ની બાલારામ નદીના પાણીનો બગાડ અટકાવવા ખેડૂતોની માંગ

**નદીમાંથી પાણીની ચોરી રોકવા અગાઉ જિલ્લા કલેકટરે આદેશ કર્યો હતો : લિઝ ધારક કલેકટરના આદેશને અવગણતા ખેડૂતો ની જિલ્લા પોલીસ વડાને રજૂઆત**

પાલનપુર અમીરગઢ તાલુકાના રામપુરા (વડલા) ગામની સિમમાં પસાર થતી બાલારામ નદીના પટ આવેલી લિઝ દ્વારા નદીના પાણીની ચોરી કરવામાં આવતા અને ક્વોરીમાં પથ્થર તોડવા બ્લાસ્ટિંગ કરવાથી આજુબાજુના કુવાઓને નુકશાન થતા આ પંથકના સાત ગામના ખેડૂતોએ આ લિઝને બંધ કરવા કલેકટરને આવેદનપત્ર પાઠવતા જિલ્લા કલેકટરે નદી ના પાણીની ચોરી અટકાવવા આદેશ કર્યો હતો જે બાદ ફરી લિઝ ધારક નદીના પાણીની ચોરી કરી પોતાના અંગત ઉપયોગમાં લઈ બગાડ શરૂ કરતા ખેડૂતો જિલ્લા પોલીસ વડાને રજૂઆત કરી છે.

## ડીસા તાલુકા પોલીસે વિદેશી દારૂ ભરેલી બે ઈનોવા ઝડપી

ડીસા તાલુકા પોલીસની ટીમે રાજસ્થાનથી બે લકઝુરીયસ કારમાં દારૂની હેરાફેરી કરતા બે ઈસમને ઝડપી પાડયા હતા અને પોલીસે ૧૦ લાખના વિદેશી દારૂ સાથે બે ઈનોવા કાર મળી કુલ રૂ.૩૦ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

સરહદી રેન્જ પોલીસ મહાનિરીક્ષક જે.આર. મોથલીયા તથા બનાસકાંઠા પોલીસ અધીક્ષક તરૂણ દુગ્ગલએ દારૂબંધીનું કડક અમલીકરણ કરી ગેરકાયદેસર રીતે થતી દારૂની હેરાફેરી, વિક્રય તથા સેવન અટકાવવા વધુમાં વધુ દારૂના કેસો કરવા સુચન કરેલ. જે અન્વયે ડીસા વિભાગના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધીક્ષક ડી.ટી.ગોહિલના માર્ગદર્શન તળે તથા ડીસા રૂરલ પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.જે.ચૌધરીની રાહબરીમાં ડીસા રૂરલ પોલીસ સોમવારે રાત્રે પેટ્રોલિંગમાં હતી. તે દરમ્યાન ખાનગી રાહે મળેલ બાતમી આધારે વોચ ગોઠવી હતી તપાસ દરમિયાન બે લકઝૂરીયસ (ઈનોવા) કારમાં ગેરકાયદેસરની ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો વિદેશી દારૂ/ટીનની પેટી નંગ-૧૧૦ તથા છુટક બોટલ નંગ-૧૦ મળી કુલ બોટલ/ટીન નંગ-૨૪૯૪ ( કિ.રૂ.૧૦,૦૨,૮૦૦/- ) તથા મોબાઈલ ફોન નંગ-૦૨ (કિ.રૂ.૧૦,૦૦૦/)- તથા ઈનોવા કાર (નં.જીજે ૦૧ આર વાય ૯૫૮૯ કિ.રૂ.૧૦,૦૦,૦૦૦/-) તથા ઈનોવા કાર (નં.જીજે ૧૮ બીજે ૯૦૯૯ કિ.રૂ.૧૦,૦૦, ૦૦૦/ ) મળી કુલ રૂ.૩૦,૧૨ ,૮૦૦/- ના મુદામાલ સાથે બે આરોપીઓને પકડી પાડી આરોપીઓની એકબીજાની મદદગારીથી હરીયાણા તથા રાજસ્થાન રાજય નિર્મિત ગે.કા.વગર પાસ પરમીટના ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બિયરના જથ્થાને ગુજરાતમાં ઘુસાડવાનું ષડયંત્રનો પાર્દાફાશ કરી તેઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી ગુન્હો રજીસ્ટર કરાવેલ છે. જેની વધુ તપાસ ડીસા રૂરલ પોલીસ ચલાવી રહેલ છે.

## અમદાવાદમાં રૂપિયા ૧૪૨ કરોડની છેતરપીંડીના ગૂનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

અમદાવાદમાં અગાઉ રૂપિયા ૧૪૨ કરોડની છેતરપીંડીના ગૂનામાં નાસતા-ફરતા આરોપીને વડગામની છાપી પોલીસે મગરવાડા ગામેથી દબોચી લીધો હતો. વડગામ તાલુકાના છાપી પીએસઆઈ જી.એમ. ભુંભાણીએ મળેલી બાતમીના આધારે હેડ.કોન્સ. યાજ્ઞિકભાઈ, પ્રવિણસિંહ, મહેન્દ્રભાઈ, ગોવિંદભાઈ અને સંજયભાઈની અલગ અલગ ટિમો બનાવી હતી. અને નાસતા ફરતા આરોપી સંજયસિંહ દલુંસિંહને મગરવાડા ગામેથી ઝડપી દીધો હતો. જેની સામે અમદાવાદ ઝોન પોલીસ મથક સીઆઈડી ક્રાઈમમાં રૂપિયા ૧૪૨ કરોડની છેતરપીંડી સહિત આઈપીસી ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૭૭ એ, ૧૨૦ બીનો ગૂનો નોંધાયેલો હતો.

## ભાભરથી નડાબેટ બસને આપી લીલીઝંડી

પાલનપુર ભાભર થી નડાબેટ ની બસને આજરોજ ભાભર વાવના ધારાસભ્ય શ્રી ગેનીબેન ઠાકોરે લીલીઝંડી આપી હતી આ બસ અઠવાડીયા ના શનિવાર તથા રવિવારે ભાભર બસ સ્ટેશન થી દસ વાગ્યે ઉપાડીને નડાબેટ જવા રવાના થસે,આ બસ ચાલુ કરાતા આજુબાજુ ના ગામની ધર્મ પ્રેમી જનતામાં આનંદની લાગણી જોવા મળેલી.

## જન્મદિને વધામણા


**વિલાસ પટેલ**
ગાંધીનગર


**પ્રદીપભાઈ પંચાલ**
બાયડ જીલ્લો અરવલ્લી


**રવિ ગોસ્વામી**
આકરુંદ, તા.ધનસુરા


**ભરત પટેલ**
ગ્રોમોર કેમ્પસ
બેરણા હિંમતનગર


હિતેશ જશુભાઈ પટેલ
પૂર્વ કોર્પોરેટર, નગરપાલિકા-બાયડ
બાયડ જીલ્લો અરવલ્લી


પ્રકાશભાઈ બી. પટેલ
નવરંગ પાન પાર્લર
વલ્લભ નગર સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી


ખુશબૂબેન ભાવેશભાઈ ધોબી
શ્રીજી સોસાયટી
બાયડ જિ.અરવલ્લી

## પાલનપુર ખાતે બનાસ બેંકના ચેરમેન અણદાભાઈ પટેલે ભાજપના આગેવાનોની મુલાકાત કરી



બનાસબેંકના નવ ચેરમેન પદે સહકારી અગ્રણી શ્રી અણદાભાઈ પટેલ ની નિયુક્તિ થતા માજીમંત્રી કાંતિભાઈ કચોરીયાના ઘરે અને જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ યશવંતભાઈ બચાણીના ઘરે અણદાભાઈ એ મુલાકાત કરી હતી અને મૌ મીઠું કરાવી શુભેચ્છાઓ પાઠવી હતી.